# પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ પંચરત્ન ગેસ્ટ હાઉસ દ્વારા નિયમોની ઐસી કી તૈસી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ કમાલપુર પાસે આવેલ પંચરત્ન ગેષ્ટ હાઉસમાં નિયમોની ઐસી કી તૈસી છતાં જેની જવાબદારી છે તે તંત્ર માત્ર હપ્તાની લ્હાયમાં નજર અંદાજ કરતું હોય તેવું હાલ તો સ્પષ્ટ રીતે જણાઈ આવે છે અને ગેસ્ટહાઉસના માલિક દ્વારા માત્ર પૈસા કમાવવાની લ્હાયમાં નિયમો નેવે મુકી બિન્દાસપણે ગેસ્ટહાઉસ ચલાવવામાં આવે છે.

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કમાલપુર કોલેજ પાસે આવેલ પંચરત્ન ગેસ્ટહાઉસમાં નિયમોની ઐસી કી તૈસી છતાં જેની જવાબદારી છે તે તંત્ર આંખો ઉપર હપ્તાના પાટા બાંધી ગોર નિદ્રામાં હોય તેવું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. ત્યારે યુવાધન હાલતો આવા ગેસ્ટ હાઉસ માલિકો દ્વારા પૈસા કમાવવાની લ્હાયમાં બરબાદીના પથે જતું હોય તેવું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે અને ગેસ્ટહાઉસ માલિક દ્વારા માત્ર દેખાવ પુરતી આખા દિવસમાં ગેસ્ટહાઉસમાં લોકોની અવર-જવર છતાં એક કે બે ગાહકો પાસેથી આઈડી પ્રુફ લેવામાં આવે છે અને બીજી તો હોતાં હે ચલતા હે જેવી સ્થિતિ છે. ત્યારે આવા ગેસ્ટ હાઉસોને જેની જવાબદારી છે તંત્ર જાણે હપ્તાની લ્હાયમાં સાવરતું હોય તેવું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે અને રોજના કેટલાય વ્યક્તિ બે નંબરમાં અવર- જવર કરતાં છતાં માત્ર એક-બે ચોપડે નોધ લેવાય છે. ત્યારે સીસીટીવી કેમેરા પણ માત્ર દેખાવ પુરતાં હોય તેમ છે અને બે સીડી હોવાથી બે નંબરમાં પાછળથી અવર જવર થતી જોવાં મળે છે. ત્યારે પૈસાની લ્હાયમાં પંચરત્ન ગેસ્ટહાઉસના માલિક દ્વારા સરકારી નિયમોની ઐસી કી તૈસી કરવામાં આવે છે. છતાં હાલતો તંત્રની ચુપકી છે તો બીજી બાજુ તેની પાછળ જ શિક્ષણનું ધામ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ આવેલ છે તો ગેસ્ટહાઉસમાં જે સ્ટાફ રાખવામાં આવ્યો છે તે પણ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમા નોંધણી કરવામાં આવી નથી અને જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો શરેઆમ ભંગ કરેલ છે ત્યારે જો ખરેખર આ ગેસ્ટહાઉસમાં તપાસ થાય તો બાંધકામથી લઈને કેટલુંય બહાર આવે તેમ છે ત્યારે શું તંત્ર દ્વારા આવા ગેસ્ટહાઉસો ઉપર પગલાં લેવામાં આવશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું.



તસવીર : સંજય રાવલ

## થર્ટી ફર્સ્ટની ઉજવણી લઈ અરવલ્લી જિલ્લા પોલીસે ૩૫ ટીમ સાથે એક્શનમાં

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન અનુસાર વર્ષ-૨૦૧૮ ને વિદાય આપવા અને વર્ષ-૨૦૧૯ ના વર્ષના આગમનને વધાવવા માટે ઉજવવામાં આવી રહેલી થર્ટી ફર્સ્ટની નાઈટ ને લઈને અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લાના તમામ પોલીસ સ્ટેશનો ની ૩૫ ટીમ સાથે એક્શન પ્લાન અમલી બનાવી દીધી છે અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દ્વારા જીલ્લાના વિવિધ સ્થળે અને આંતરરાજ્ય સરહદો પર અલગ અલગ વ્યૂહાત્મક પોઈન્ટ પર સઘન વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છેજિલ્લા માં દારૂ ની બંધી ને ડામવા સમગ્ર પોલીસ તંત્ર નો વ્યૂહાત્મક પ્લાન અમલી બનાવી જીલ્લા પોલીસ અધિક્ષક મયુર પાટિલના સીધા માર્ગ દર્શન હેઠળ ૩૫ ટીમ સતત પેટ્રોલિંગ માં રહશે ૩૧ ડિસેમ્બરે દારૂ પી છાકટા બની કાયદો વ્યવસ્થાની સ્થતિમાં ખલેલ પહોચાડનારાઓને પકડી કાયદાનું ભાન કરાવાશે.

# મોડાસાની માઝુમ કેનાલમાંથી ત્રણ દિવસથી હજ્જારો લીટર પાણીનો વેડફાટ : તંત્રના આંખ આડે કાન

મોડાસા, તા. ૩૦

ગુજરાત રાજ્યમાં અપૂરતા વરસાદના પગલે દુષ્કાળના ડાકલા વાગી રહ્યા છે પાણીના પોકારો વચ્ચે અરવલ્લી જીલ્લાના મોડાસા નજીક આવેલા માઝુમ ડેમ માંથી ખેડૂતોની ઉગ્ર માંગના પગલે રવિ સીઝનમાં ખેતી બચાવવા માટે સિંચાઈ માટે પાણી છોડવામાં આવતા કેનાલમાં વારંવાર સર્જાતા ભંગાણ થી અનેકવાર પાણીનો વેડફાટ થતો હોવાની ઘટનાઓ વચ્ચે મોડાસા બાયપાસ રોડ ભેરુંડા ચોકડી નજીક થી પસાર થતી માઝુમ કેનાલ માંથી ખેડૂતોને પાણી આપવા માટે બનાવેલી ટાંકી જર્જરિત હોવાથી હજ્જારો લીટર પાણી ખેડૂતોને મળવાના બદલે રોડ પર વહી જતા ખેડૂતોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે આ અંગે ખેડૂતોએ સિંચાઈ વિભાગના અધિકારીઓનું ધ્યાન દોરતા અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવી તપાસ કરી ગયા બાદ પાણીનો વ્યય અટકાવવા ની કામગીરીના બદલે હોતી હૈ ચલતી હૈ ની નીતિ અપનાવતા રોડ પર પાણીની નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે

રાજ્યના ખેડૂતો પાણીના એક એક ટીપા માટે તરસી રહ્યા છે ત્યારે મહામુલા પાણીનો વ્યય થતો જોવા મળતા મોડાસા પંથકના ખેડૂતોમાં સિંચાઈ વિભાગ ની ભ્રષ્ટાચાર નીતિના પગલે કેનાલ અને ટાંકીઓનું સમારકામ બરાબર ન કરાતા લાખ્ખો લીટર પાણી નો વ્યય થઈ રહ્યો હોવાની સતત ઘટનાઓ બહાર આવતા ખેડૂતો સહીત પ્રજાજનોમાં ઉગ્ર રોષ ફેલાયો છે અરવલ્લી જિલ્લાના મોડાસામાં આવેલ માઝૂમ નદીની કેનાલમાં થી હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે બાયપાસ રોડ ભેરૂડા ચોકડી પર આવેલ કેનાલ ની બાજુમાં ખેડૂતો ને પાણી આપવા માટે બનાવેલ ટાંકી જર્જ રીત થઈ ગઈ હોવાથી પાણીનો વ્યય થઈ રહ્યો છે.

ખેડુતો ના જણાવ્યા અનુસાર આ અંગે તેમને સિંચાઈ વિભાગના અધિકારીઓ ને જાણ કરી પાણીનો વેડફાટ અટકાવવા રજુઆત ત્રણ દિવસ અગાઉ કરતા જવાબદાર અધિકારી આવી ને સ્થળ તપાસ કરી ગયા હોવા છતાં પાણી નો વ્યય થતો અટકાવવા કોઈ યોગ્ય કાર્યવાહી કરવાનું મુનાસીબ ન સમજતા ત્રણ દિવસ થી સતત હજોરો લીટર પાણી વહેતુ હોવાથી રસ્તા પર ભાર શિયાળે ચોમાસાનો માહોલ જોવા મળતા ટ્રાંફિકથી ધમધમતા ભેરૂડા રોડ રાહદારીઓ તેમજ વાહનચાલકો ને મુશ્કેલી પડી રહી છે.


તસવીર : મેહુલ જોષી

# દઘાલીયા નજીક મેશ્વોની મુખ્ય કેનાલમાં લીકેજ થતા પાણીનો વેડફાટ

મોડાસા, તા. ૩૦

મોડાસાના દઘાલીયા નજીક કેનાલમાં લિકેજની છેલ્લા ગણા દિવસોથી સમશ્યા છે ત્યારે લીકેજ સર્જાતા રોજનું હજારો લીટર પાણી વાંધા વેડફાઈ જાય છે પરંતુ જૂની સમસ્યા નિવારવા તંત્ર નિષ્ક્રિયતા ઉડી ને આંખે વળગેછે,પિયત માટે જ્યારે જ્યારે કેનાલમાં પાણી છોડવામાં આવે છે ત્યારે ખેતરોમાં જવા માટે ખેડૂતોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે,કેનાલમાં પડેલ લીકેજ દૂર કરવા લોકોની માંગ ઉઠી છે ત્યારે પિયત માટે કેનાલ દ્વારા આપતા પાણીનો વેડફાટ થતા ખેડૂતોમાં રોષ જોવા મળ્યો હતો,હાલ ખેડૂતો એ રવિ સીઝન નું વાવેતર કરેલું છે ત્યારે ડેમો માંથી કેનાલો માં ખેતી સિંચાઈ માટે પાણી છોડવા માં આવ્યું છે ત્યારે અરવલ્લી જિલ્લા ના મેશ્વો ડેમ માંથી પણ બીજા તબક્કા નું કેનાલ માં પાણી છોડવા માં આવ્યું છે ત્યારે મોડાસા ના દધાલિયા નજીકની મેશ્વો કેનાલ માં લીકેજ સર્જાયું છે જેના કારણે હજારો લીટર પાણી ખુલ્લા માં ખેતરો માં વહી જાય છે એક તરફ ખેતી પાક બચાવવા ખેડૂત રઝળપાટ કરી રહ્યો છે ત્યારે સરકાર ના સિંચાઈ વિભાગ ની બેદરકારી સામે આવી છે કેનલો માં મરામત માટે લાખો રૂપિયા નું બજેટ ફાળવવા માં આવેછે પણ કેનાલ મરામત ના કામ માં મોટા ભ્રષ્ટાચાર ના કારણે કામ ની ગુણવત્તા જળવાતી નથી પરિણામે વારંવાર કેનાલો માં ગાબડા પડેછે અને ખેડૂતો નું મહામુલું પાણી વ્યર્થ વહી જાયછે


તસવીર : મેહુલ જોષી

# નવયુવાનોમાં ૩૧ ડિસેમ્બરની ઉજવણી માટે અનેરો થનગનાટ

ભિલોડા,તા.૩૦

નાતાલના તહેવારથી થર્ટી ફર્સ્ટ નાઈટ સુધી નવા વર્ષને આવકારવા માટે વિવિધ સ્થળોએ ધામધુમથી ઉજવણી ચાલતી હોય છે. ૩૧મી ડીસેમ્બરની રાત્રે નવા વર્ષને આવકારવા માટે અને ઉજવણી સંદર્ભે ઠેર-ઠેર દારૂની પાર્ટીઓ થાય છે ત્યારે પોલીસએ લાલ આંખ કરતાં પોલીસ ધ્વારા ઠેર-ઠેર ચેકીંગ હાથ ધરાયુંછે. નવિન વર્ષને આવકારવા માટે ૩૧મી ડીસેમ્બરના રોજ ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા ખેતરોમાં પણ વિદેશી દારૂની પાર્ટીઓ જામતી હોય છે. ૩૧મી ડીસેમ્બરની ઉજવણી વર્ષો પહેલા મોટા-મોટા શહેરો પુરતી જ મર્યાદીત હતી પરંતુ હવે તો ગ્રામ્ય વિસ્તારોમાં પણ ૩૧મી ડીસેમ્બરની ઉજવણીનું ઘેલું યુવાધનમાં વધારે જોવા મળી રહ્યું છે.

પાશ્ચાત સંસ્કૃતિનું આંધળુ અનુકરણ દિન-પ્રતિ-દિન વધતાં યુવાધન બર્બાદીના પંથે ધકેલાઈ રહ્યું છે. યુવાધન વિદેશી દારૂની મહેફીલ માણવા પાડોશી રાજ્ય રાજસ્થાન તરફ પ્રયાણ કરી રહ્યા છે. ૩૧મી ડિસેમ્બરની ઉજવણી કરવા માટે યુવાનો મહેફીલો માણવા માટે શરાબ,શબાબની પાર્ટીઓનું આગોતરૂ આયોજન કરતા હોય છે. ૩૧મી ડિસેમ્બરની ઉજવણી સંદર્ભે નબીરાઓએ પાડોશી રાજ્ય રાજસ્થાનની વાટ પકડી છે.નવયુવાનોમાં ૩૧ ડિસેમ્બરની ઉજવણી માટે અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. ૩૧ ડિસેમ્બરને પગલે વિદેશી દારૂની હેરાફેરીનું પ્રમાણ વધતાં જીલ્લાભરમાં પોલીસ ધ્વારા બાજ નજર રાખવામાં આવી છે.

૩૧ ડિસેમ્બરને કારણે વિદેશી દારૂની હેરાફેરીનું પ્રમાણ વધતાં વિવિધ ચેકપોસ્ટો ઉપર પોલીસની બાજ નજર ઠેર-ઠેર જોવા મળી રહી છે. દારૂની મહેફીલ માણવા નવયુવાનોએ આગોતરા આયોજનો હાથ ધર્યા હતા. ભિલોડા તાલુકાના સરહદી વિસ્તારના વિવિધ માર્ગો ઉપર વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા તેમજ દારૂ પીધેલા ઈસમો ઝડપાય તો પોલીસ ધ્વારા ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે તેમ પોલીસ સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.



અરવલ્લી જીલ્લામાં છેલ્લા બે દિવસથી રાત્રિ દરમિયાન પારો ઘટીને ૯ ડિગ્રી ઉપર પહોંચી જતાં લોકોએ સિઝનમાં પહેલી વખત કડકડાતી ઠંડીનો સામનો કર્યો હતો. આવી કાતિલ ઠંડી અરવલ્લી જીલ્લાના ઈતિહાસમાં જ્વલ્લે જ જોવા મળે છે ઉત્તર ગુજરાતમાં લઘુતમ તાપમાનમાં બોલેલા કડાકાની પાછળ ઉત્તર ભારતમાં ચાલી રહેલા કોલ્ડ વેવ તથા સ્નોફોલને કારણે અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પગલે ઉત્તર દિશામાંથી ગુજરાત તરફ ફૂંકાતા ઠંડા પવનોને કારણે ગાત્રો થીજવતી ઠંડી થી બચવા પ્રજાજનો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

## ખેડબ્રહ્મા તાલુકાનાના ચીખલા ગામની કેનાલમાં

# બોગસ આરસીસીની કામગીરી થતાં ગ્રામજનોએ કરી ઉગ્ર રજૂઆત

ખેડબ્રહ્મા, તા. ૩૦

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ચીખલા ગામના ખેડૂતોને સિંચાઈ દ્વારા ખેતરોમાં ઉભા પાકને નુકશાન થતુ અટકાવવા માટે સાબરકાંઠા જીલ્લા સિંચાઈ વિભાગ હસ્તકની ખેડબ્રહ્મા નાયબ કાર્યપાલક કચેરી દ્વારા ઈઆરએમ વર્ક ટુ એમઆઈ હેઠળ ચીખલા ગામમાં ૬૦૦ મીટરની આરસીસી કેનાલ બનાવવામાં આવી છે તે અંતર્ગત ગ્રામજનોના જણાવ્યા મુજબ આ કેનાલ બનાવ્યે માંડ ૧૦ દિવસ થયા છે અને કેનાલમાં નબળી કામગીરી થતાં તિરાડો પડી છે અને હાથથી આરસીસી ખોતરતાં બોગસ કામગીરી બહાર આવતાં ગ્રામજનોએ ઉગ્ર રજૂઆત કરી છે તે બાબતે ડેપ્યુટી એન્જીનીયર જે જે પટેલે જણાવ્યું હતુ કે આ ચીખલા ગામની કેનાલ બનાવવા બાબતે જે કોઈ પણ ક્ષતિ હશે તેને તાકીદે દૂર કરવામાં આવશે.

કામનુ જે ટેન્ડર બહાર પડયુ તે રુ.૧૫ લાખનુ હતુ જે રકમથી જે તે કોંન્ટ્રાકટરે સરકારે નક્કી કરેલ રકમથી પણ ૩૩ % નીચા ભાવથી કામ રાખેલ હતુ તો આટલા નીચા ભાવથી કરેલ કામ કેટલા અંશે વ્યાજબી હશે ? તે એક પ્રશ્ન ગ્રામજનોને ઉપસ્થિત થયો છે.કોંન્ટ્રાકટરો અને અધિકારીઓની મિલીભગતથી હલકી ગુણવત્તાનુ કામ થયુ છે તેવુ ગ્રામજનોએ જણાવ્યુ છે. આટલો રુ.૧૦ લાખનો માતબર ખર્ચો કરવાથી પણ ગામના ખેતરોમાં આ કેનાલ દ્વારા પાણી પહોચશે ખરુ ?


તસવીર : રમેશ વૈષ્ણવ

# પ્રવાસન વિભાગ દ્વારા યાત્રાધામો ખાતે ચાલતા વિકાસ કામો અંગે સ્પષ્ટતા

શબરીધામ ખાતેની કામગીરી બાબતે જે આક્ષેપ કરવામાં આવેલ છે તે બાબતે સ્પષ્ટતા કરવામાં આવે છે કે તે જગ્યાએ કોઈ પથ્થરનું જંગલ બનેલ નથી પરંતુ વિવિધ કામગીરી જેવી કે પાર્કિંગ, એપ્રોચ રોડ, પ્લેટફોર્મ, ટોઈલેટ બ્લોક, મંદિર પ્લાઝાનો વિકાસ, ફુવારા જેવી કામગીરી હાથ ધરવામાં આવેલ હતી અને કામની ગુણવત્તા બાબતે મે ૨૦૧૪માં એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજના મીકેનીકલ ડિપાર્ટમેન્ટનો રીપોર્ટ પણ મેળવવામાં આવેલ હતો, જેમાં વર્કમેનશીપ અને કામગીરીને બિરદાવવામાં આવેલ હતી.

રામેશ્વરમાં જુદા જુદા બે પેકેજમાં કામગીરી હાથ ધરવામાં આવેલ છે. પેકેજ-૧ની કામગીરી પૂર્ણ કરેલ છે જેની ગુણવત્તા બાબતનો એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજના મીકેનીકલ ડિપાર્ટમેન્ટનો રીપોર્ટ એપ્રિલ ૨૦૧૪ મેળવવામાં આવેલ હતો જેમાં વર્કમેનશીપ અને કામગીરીને બિરદાવવામાં આવેલ હતી. આ કામગીરી 'વાપ્કોસ' જેવી સંસ્થાના સુપરવિઝનમાં કરવામાં આવેલ હતી. આમ, કામગીરી યોગ્ય રીતે થયેલ છે. રામેશ્વર પેકેજ-૨ની કામગીરી હાલમાં પ્રગતિમાં છે તેમાં કવોલીટી બાબતનો એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજના મીકેનીકલ ડિપાર્ટમેન્ટનો રીપોર્ટ મેળવવામાં આવનાર છે.

ઉપરોક્ત બાબતે સ્પષ્ટતા કરવાની થાય કે તમામ પ્રોજેકટોની કામગીરી પૂર્ણ થયે ત્રણ વર્ષથી વધુ સમય થઈ ગયેલ છે. આ કામગીરીની ગુણવત્તા બાબતનું સર્ટીફિકેટ પ્રમાણિત સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલ છે જેથી આ પ્રકારના આક્ષેપો તદ્દન પાયાવિહોણા તથા તથ્યવિહિન છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા પાવાગઢના પ્રોજેકટ અંગે થયેલ આક્ષેપોની અખબારી સ્પષ્ટતા અગાઉ કરેલ છે.

## 'વિરાટ' જીત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેમાં પાંચમાં તેની હાર થઈ છે અને બે ટેસ્ટ મેચો ડ્રો થઈ છે. રેકોર્ડ ઉપર નજર કરવામાં આવે તો મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર જીત હાસલ કરવા માટે ભારતીય ટીમને ૩૭ વર્ષનો ઈંતજાર કરવાની ફરજ પડી હતી. ભારતે આ મેદાન ઉપર છેલ્લે ૧૯૮૮માં જીત હાસલ કરી હતી. બીજી બાજુ ટેસ્ટ ક્રિકેટમાં ભારતની આ ૧૫૦મી જીત હતી. ભારતીય ટીમે બંને ઈનિંગ્સ ડિકલેર કરીને વિદેશમાં ટેસ્ટ મેચ જીતવાનો રેકોર્ડ પણ કર્યો હતો. આ અગાઉ ૨૦૦૪માં સિડની ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાયેલી ટેસ્ટમાં ભારતે ૭ વિકેટે ૭૦૫ અને બે વિકેટે ૨૧૧ રન દાવ ડિસલેર કર્યો હતો. આ પહેલા ભારતીય ટીમે બીજી ઈનિંગ્સ આઠ વિકેટે ૧૦૬ રને ડિકલેર કરી દીધા બાદ ઓસ્ટ્રેલિયા સામે જીત માટે ૩૯૯ રનનો પડકાર આવ્યો હતો. બોક્સિંગ ડે ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયન પુછડિયા બેટ્સમેનોએ ભારતની જીત આડે અડચણો ઉભી કરી હતી. નાથન લિયોન અને કમિન્સે ભારત આડે અડચણો ઉભી કરી હતી. ચોથા દિવસે ઓસ્ટ્રેલિયાએ આઠ વિકેટે ૨૫૮ રન કર્યા હતા. આજે આગળ રમતા ઓસ્ટ્રેલિયન બેટ્સમેનો વધારે સમય સુધી ટકી શક્યા ન હતા. પેટ કમિન્સ અને લિયોન બાદ વરસાદ અને ખરાબ હવામાનના લીધે પણ ભારતીય ટીમને રાહ જોવાની ફરજ પડી હતી. પાંચમાં દિવસે અઢી કલાક મોડેથી મેચ શરૂ થઈ હતી.

## ત્રિપલ તલાક બિલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૦ વિરોધ પક્ષો આ બિલનો વિરોધ કરી ચુક્યા છે. સૌથી પહેલા કોંગ્રેસ પાર્ટીએ આની સામે વાંધો ઉઠાવ્યો છે. સરકારની પાસે રાજ્યસભામાં બહુમતિ નથી. લોકસભામાં જે પાંચ પાર્ટીઓએ વિરોધ કર્યો હતો તેમાં તેમની સંખ્યા રાજ્યસભામાં ૧૩૪ થઈ જાય છે તો ૨૪૫ સભ્યો વાળા ગૃહમાં અડધાથી વધુ સંખ્યા છે. અન્નાદ્રમુક અને બીજેડી સહિતના કેટલાક પક્ષો જો વોકઆઉટ કરી જશે તો સરકાર આને પાસ કરાવી શકે છે. વિપક્ષનો પ્રસ્તાવ પસાર થઈ જશે તો આને તપાસ માટે મોકલવામાં આવશે. અન્નાદ્રમુકના સાંસદો ધાંધલ ધમાલ કરે અને શાસક પક્ષ પણ કોંગ્રેસ પાર્ટી ઉપર આક્ષેપ કરે અને ધાંધલ ધમાલ થાય અને કાર્યવાહી સ્થગિત થઈ જાય તેવી સંભાવના પણ રહેલી છે. રાજ્યસભામાં ત્રીજી સૌથી મોટી પાર્ટી અન્નાદ્રમુકના સભ્યનું કહેવું છે કે, અમે આ બિલને આગળ મોકલવા માટે ઈચ્છુક છીએ. અલબત્ત વોટિંગને લઈને પણ હજુ કોઈ વાત કરવામાં આવી નથી. કોંગ્રેસે અગાઉ એનડીએ સરકાર ઉપર આક્ષેપ કરતા કહ્યું છે કે, ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીના અનુસંધાનમાં લોકસભામાં ઉતાવળમાં ત્રિપલ તલાક બિલ પસાર કરવામાં આવ્યું છે. ત્રિપલ તલાક બિલમાં બંધારણની સામે જોગવાઈ રહેલી છે. મૂળભૂત અધિકારીઓનો પણ તેમાં ભંગ થાય છે.

## કટિબદ્ધ છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતાની યોજનાઓ પણ રજૂ કરી હતી અને કહ્યું હતું કે, મુસજેટીના ઉંડાણને વધારવા માટે પણ યોજના તૈયાર કરવામાં આવી છે. કરોડોની વિકાસ યોજનાઓની મોદીએ આજે ભેંટ આપી હતી. શ્રેણીબદ્ધ યોજનાઓના લોકાર્પણ બાદ કારનિકોબારમાં લોકોને સંબોધતા કહ્યું હતું કે, કારનિકોબારમાં કેબલ વેમાં આશરે ૫૦ કરોડ રૂપિયાના ખર્ચ સાથે કેબલ વે જેટીનું વિસ્તરણ આશરે ૧૫૦ કિલોમીટર સુધી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, મુસજેટીના ઉંડાણને વધારવામાં આવશે. આનાથી મોટા જહાજો પણ અહીં રોકાઈ શકશે. માછીમારોને મજબૂત કરવા માટે પણ શ્રેણબદ્ધ જાહેરાત કરી હતી. કારનિકોબારમાં પર્યાવરણને સુરક્ષિત રાખીને શૌર ઉર્જાની શક્યતા ચકાસવાની પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, આજે ભારત દુનિયાના એવા દેશોમાં સામેલ છે જ્યાં શૌર ઉર્જાનું ઉત્પાદન અને ઉપયોગ સૌથ વધુ પ્રમાણમાં છે. સૌર ઉર્જાથી દેશને સસ્તી અને ગ્રીન એનર્જી માટે કેન્દ્ર સરકાર આગળ વધી રહી છે. માછીમારોને સશક્ત કરવામાં કેન્દ્ર સરકાર લાગેલી છે. દેશમાં મસ્ત્ય ઉદ્યોગને લાભકારી કારોબાર બનાવવા માટે સાત હજાર કરોડ રૂપિયાના વિશેષ ફંડની વ્યવસ્થા કરવામાં આવી છે.

## બન્યો દેશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ વર્ષે સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત સ્ટેચ્યુ ઓફ યુનિટી દેશને મળી. ભારતને સયુંક્ત રાષ્ટ્રનો સર્વોચ્ચ પર્યાવરણ પુરસ્કાર મળ્યો. ૨૦૧૯માં ભારતની ઉન્નતિની આ યાત્રા આ રીતે જ ચાલુ રહેશે અને દેશ નવી ઉંચાઈઓને સ્પર્શ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આત્મરક્ષાના ક્ષેત્ર વિષે વાત કરતા કહ્યું કે, દેશના સેલ્ફ ડિફેંસને મજબુતી મળી છે. આ વર્ષે આપણા દેશે સફળતાપૂર્વક ન્યૂક્લિયર ટ્રાયડ પુરૂ કરી લીધુ છે, એટલે કે આપણે જમીન, પાણી અને આકાશ એમ ત્રણેય ક્ષેત્રે પરમાણું શક્તિથી સંપન્ન બની ગયા છીએ.

વડાપ્રધાને પોતાની વાતચીતમાં ૧૨ વર્ષનીએ હનાયા નિસારનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, હનાયા નિસારે કરાંટે ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. તે કાશ્મીરના અનંતનાગમાં રહે છે. તેણે મહેનત અને લગનથી કરાટોનો અભ્યાસ કર્યો. પોતાને સાબિત કરી બતાવી. તેવી જ રીતે ૧૬ વર્ષની રજનીએ જૂનિયર મહિલા બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ જીત્યો. પુણેની ૨૦ વર્ષની વેદાંગી કુલકર્ણી સાઈકલિંગથી દુનિયાની સફર ખેડનારી સૌથી ઝડપી એશિયાઈ મહિલા બની ગઈ. વડાપ્રધાને મન કી બાતમાં આગામી મહિને યાગરાજમાં આયોજિત થનારા કુંભનો પણ ઉલ્લેખ કર્યો.

# અરવલ્લી-સાબરકાંઠાની રાજેન્દ્રનગર ચોકડી યોજાયેલી જન અધિકાર મહાસભામાં પાંખી હાજરી

એ.આઈ.સી.સી.ના ખજાનચી અને કોંગ્રેસના કદાવર નેતા અહેમદ પટેલ અને મધુસુદન મિસ્ત્રી તથા ગુજરાત રાજ્યના કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવ,પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા ની ઉપસ્થિતિમાં આગામી ૨૦૧૯ માં યોજાનાર લોકસભાની ચૂંટણી સંદર્ભે રાજેન્દ્ર નગર ચોકડી ખાતે અરવલ્લી-સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતિના સહયોગ થી અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ( રચનાત્મક કોંગ્રેસ વિભાગ) અને એકલવ્ય સંગઠન દ્વારા યોજાયેલ જન અધિકાર મહાસભામાં બંને જિલ્લામાંથી મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેવાના હોવાની જોર શોર થી કરાયેલી જાહેરાતની હવા નીકળી ગઈ હતી સાત વિધાનસભા મત વિસ્તાર હોવા છતાં પાંખી કાર્યકરોની હાજરી ચર્ચાનું કેન્દ્ર બની હતી આ અંગે ગુજરાત કોંગ્રેસ સમિતિ અને એ.આઈ.સી.સી દ્વારા ધ્યાનમાં લઈ મંથન કરવાની જરૂર હોવાનું કોંગ્રેસના પાયાના કાર્યકરોએ નામ ન આપવાની શરતે જણાવી આક્રોશ વ્યક્ત કર્યો હતો.

અમદાવાદ-ઉદેપુર ને.હા પર આવેલી રાજેન્દ્ર નગર ચોકડી ખાતે જન અધિકાર મહાસભા નામે યોજેલ શક્તિ પ્રદર્શનમાં ફિયાસ્કો થયો હોય તેવો ઘાટ સર્જાયો હતો કાર્યકરો કરતા નેતાઓની સંખ્યા વધુ હોવાનો પાયાના કાર્યકરોમાં ગણગણાટ શરુ થયો હતો ૧૨:૩૦ વાગ્યાના બદલે મહાસભા નેતાઓ મોડા પહોંચતા ૨ વાગ્યાની આસપાસ શરુ થતા કાર્યકરો માં રોષ જોવા મળ્યો હતો સાબરકાંઠાના પૂર્વ સાંસદ્સભ્ય મધુસુદન મિસ્ત્રી કાર્યકરોને સંબોધવા ૩:૩૦ વાગે ઉભા થતા અગમ્ય કારણોસર કાર્યકરોએ ઘર તરફ પ્રયાણ કરતા મેદાન ખાલી ખમ જોવા મળ્યું હતું બંને જીલ્લાના પ્રમુખ,૫ ધારાસભ્ય અને જીલ્લા,તાલુકાના પદાધિકારીઓ મેદાની એકથી કરવામાં સદંતર નિષ્ફળ રહ્યા હતા જન અધિકાર મહાસભા હાજરી આપવા માટે લવાયેલ કાર્યકરોને તેમના વાહનના વાહન દીઠ રૂપિયા આપતા હોવાની અને પરાણે મેદની એકઠી કરવા હવાતિયાં માર્યા હોવાનું સંખ્યા પરથી આંખે ઉડીને વળગે તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.


તસવીર : મેહુલ જોષી